બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

**ઉકેલપત્ર : સત્સંગ પ્રવીણ - ૨**

કુલ ગુણ - ૧૦૦

(સમય : બપોરે ૨ થી ૫) (રવિવાર, ૩ માર્ચ, ૨૦૧૩)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવીણ, આઠમી આવૃત્તિ -એપ્રિલ, ૨૦૧૦)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''આ ગઢ તો અમારે કામનો કહેવાય.'' (૭/૨૧) ➫ જીવાખાચર - શ્રીજીમહારાજને

➫ શ્રીજીમહારાજે જીવાખાચર પાસે ટેકરાની જમીનની માગણી કરી ત્યારે તેમણે હા પાડી, પણ જ્યારે શ્રીજીમહારાજે લેખ કરી આપવાનો આગ્રહ કર્યો ત્યારે કહે છે.

૨. ''તમારું એ વ્રત આજથી પૂરું થયું.'' (૧૬/૫૧) ➫ શ્રીજીમહારાજ - જેઠામેરને

➫ શ્રીજીમહારાજે જેઠામેર તેમજ તેમનાં પત્નીને પાસે બોલાવ્યા ત્યારે જેઠા મેરે કહ્યું 'અમે છેડા વર્તમાન પાળીએ છીએ. એક ઓરડામાં સૂતાં બેસતાં નથી' ત્યારે મહારાજ કહે છે.

૩. ''હવે તેમને રાખો.'' (૨૯/૮૮) ➫ સૌએ - મહારાજને

➫ શ્રીજીમહારાજે અક્ષર ઓરડીમાં સભા ભરીને મૂળજી-કૃષ્ણજી માટે કહ્યું કે 'કૂતરાને હડકારે તેમ એમને હડકાર્યા છે, તોય અમારો નિશ્ચય મટતો નથી.' ત્યારે સૌ મહારાજને કહે છે.

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ <u>ત્રણ</u> વિષે કારણ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

૧. **સુરાખાચર રાત્રે બાર વાગે ઘોડા પર ગઢડા જવા નીકળી ગયા. (૨૫/૭૬)** સુરાખાચર બ્રહ્મચર્ય વ્રત દઢપણે પાળતા હતા. કોઈ તેમને લેશપણ ડગાવી શકે તેમ નહતું. એકવાર જસદણ ઠાકોર સાહેબની વિનંતીથી તેઓ જસદણ આવ્યા. ઠાકોર સાહેબે તેમને સારો ઉતારો આપ્યો. સાંજે જ્યારે દરબાર વિખરાયા પછી સુરાખાચર પોતાને ઉતારે આવી જમીને સૂઈ ગયા. ઠાકોર સાહેબે શ્રીજીમહારાજ પ્રત્યેના દ્વેષથી સુરાખાચરને ભ્રષ્ટ કરવાનો લાગ આવ્યો છે. તેમ વિચાર કરી રાત્રે બાર વાગ્યે એક વેશ્યા જેવી સ્ત્રીને શીખવાડીને સુરાખાચરને ઉતારે મોકલી. તેણે બારણું ખખડાવ્યું. સુરાભક્ત સફાળા જાગી ગયા અને એકદમ પૂછ્યું કોણ છે ? પેલી બાઈ કહે : ''આ ઘરમાં અમે રહીએ છીએ. મારા દીકરાને તાવ આવ્યો છે તેથી દવાની જરૂર પડી છે.'' એમ કહી બારણું ખોલવા કહ્યું. સુરા ભક્તે શંકાશીલ થઈને બારણું ઉઘાડ્યું અને બાઈ બારણું વાસી અંદર આવી અને સુરાભક્ત સાથે પ્રેમચેષ્ટા કરવાનો પ્રયત્ન કરવા લાગી. સુરા ભક્ત પરિસ્થિતિ પામી ગયા. તલવાર પર હાથ દઈ જબરો હાકોટો કરી ઉઘાડી તલવારે તેને ડરાવતા દ્વાર ઉઘાડી બહાર આવ્યા. પછી ઘોડી બાંધી હતી ત્યાંથી સરક છોડી પલાણ માંડી વાયુવેગે નીકળીને ગઢપુર પહોંચ્યા. ત્યારે મહારાજે તેમને જોઈને સર્વે હરિભક્તોને કહ્યું 'આ અમારા જતિ આવ્યા.' આમ સુરા ભક્તને ભ્રષ્ટ કરવાનો ઠાકોરનો મનોરથ અધૂરો રહ્યો અને બ્રહ્મચર્ય વ્રતમાં સારધાર પાર ઊતર્યા.

૨. **રાજા ભક્તે વ્યવહારનો સંકેલો કરવા માંડ્યો. (૧૯/૫૯-૬૦)** રાજાભાઈને નિયમ હતો કે જ્યારે પણ સંતો ગામમાં પધારે ત્યારે પહેલું સીધુ પોતાના ઘરેથી આપવું. એક વખત તેઓ બહારગામ ગયા હતા. અને સંતો આવ્યા તો તેમના માટે રસોઈનો સામાન રાજાભાઈનાં પત્નીએ આપ્યો નહિ. આ વાતની જાણ થતાં રાજાભાઈને વિચાર આવ્યો કે આપણે મહેનત કરી દેહ ઘસી નાખી સ્ત્રીની ઈચ્છાઓ પૂરી કરીએ છીએ અને તેની જરા પણ ગણતરી નહિ ! આપણી મરજી જો તેને સાચવવી ન હોય તો આપણે સંસારમાં રહેવું નકામું છે. અને રાજાભાઈએ યુક્તિપુર્વક ઘરબારનો ત્યાગ કરી મહારાજના ચરણે રૂપિયાની કોથળી મૂકી સર્વે વાત કરી.

૩. **અલૈયા ખાચરે તલવાર મ્યાન કરી દીધી. (૭/૧૯)** એકવાર સભામાં મહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન કર્યો હરિભક્તોમાં શ્રેષ્ઠ કોણ? મુક્તાનંદ સ્વામીએ પહેલા દાદાખાચર, બીજા સૂરાખાચર અને ત્રીજા સોમલાખાચરની ગણતરી કરાવી. અલૈયા ખાચરની ગણતરી ન થતાં તેમને માનભંગ જેવું લાગ્યું અને તલવારની મૂઠ પર તેમનો હાથ ગયો. પણ અંતર્યામી મહારાજથી શું અજાણ્યું હોય. મહારાજ તરત જ બોલ્યા, સ્વામી આમાં તમે કાંઈ સમજ્યા નહિ. અલૈયો તે અલૈયો. બીજા ગમે તેવા ભક્ત હોય પણ આવા નિષ્કામી વર્તમાન પાળનાર અલૈયાની તોલે કોઈ ન આવે. આ સાંભળતા અલૈયાખાચરે તલવાર મ્યાન કરી દીધી.

૪. **અક્ષરબ્રહ્મ ચિરંજીવ છે. (૨૩/૭૧-૭૨)** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અંતર્ધાન પછી કલ્યાણનું દ્વાર બંધ થયું નથી. સ્વામીએ વાતોમાં કહ્યું છે : 'હું તો ચિરંજીવ છું.' અર્થાત અનાદિ અક્ષરબ્રહ્મ પરમ એકાંતિક - પરમ ભાગવત સંતરૂપે આ પૃથ્વી પર સદા પ્રગટ વિચરતા હોય છે. આ પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજ આ પૃથ્વી પર સમ્યક્ પ્રકારે પ્રગટ રહે છે અને મુમુક્ષુ જીવોને બ્રહ્મસ્થિતિ પમાડીને તેમનું આત્યંતિક કલ્યાણ કરે છે. શ્રીજીમહારાજ કહે છે : એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા સર્વ ક્રિયા કરનાર ભગવાન છે, 'આવા સંત તે સ્વયં હરિ છે.' આવા સાધુનો સંગ કરવો એ જ કલ્યાણનું અસાધારણ સાધન છે. એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્ ભગવાનનું દર્શન થયું.' માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતી દેહે જ પામ્યો છે. અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા તુલ્ય ફળ થાય છે. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતનો જે કોઈ મુમુક્ષુ મન-કર્મ-વચને સંગ કરે છે અને તેની આજ્ઞા પાળે છે તે જીવ નિર્દોષ થઈ બ્રહ્મરૂપ થઈ જાય છે અને છતી દેહે પરમપદ જે મોક્ષ તેને પામે છે. આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યા પછી શ્રીજીમહારાજ આત્યંતિક કલ્યાણનો માર્ગ ચાલુ રહે એ હેતુથી ગુણાતીત સંત દ્વારા સદા પ્રગટ છે. વચનામૃત પંચાળા-૭ પ્રમાણે આ પૃથ્વી પરથી ભગવાન કદી અંતર્ધાન થયા જ નથી. તેઓ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રગટ હતા. ત્યાર બાદ ઉત્તરોત્તર બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને હાલ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ - સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી દ્વારા પ્રગટ છે. આ પ્રમાણે શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મસ્વરૂપ સંત દ્વારા પૃથ્વી ઉપર સદાને માટે પ્રગટ રહ્યા છે, મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરી તેમને સુખ આપી પોતાના ધામને પમાડી રહ્યા છે. અંતમાં, આપણી ઉપાસના એટલે શ્રીજીમહારાજ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ (પરબ્રહ્મ), ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ. અનાદિ અક્ષરબ્રહ્મ દ્વારા શ્રીજીમહારાજ સદા પ્રગટ રહી મુમુક્ષુ જીવોનું કલ્યાણ કરે છે. એ મોક્ષનું દ્વાર છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એ આજે મોક્ષનું દ્વાર છે.

**પ્ર.૩ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **ગૃહસ્થાશ્રમીના વિશેષ ધર્મ (૧/૧-૪)** ગૃહસ્થાશ્રમી પુરુષે સમીપ સંબંધ વિનાની વિધવા સ્ત્રી તેનો સ્પર્શ ન કરવો. યુવા અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા, બહેન અને દીકરી તેની સાથે પણ આપત્કાળ પડ્યા વિના એકાંત સ્થળે ન રહેવું. આપત્કાળમાં સ્ત્રીની રક્ષાને અર્થે પ્રયોજન હોય તેટલો પ્રસંગ રાખવો. વિદ્વાન હોય, શાસ્ત્રજ્ઞ હોય તેણે પણ આ વાત અવશ્ય સમજવી. બ્રહ્માજી પણ કામથી વ્યાકુળ મનવાળા થઈ પોતાની જ પુત્રી સરસ્વતીને જોઈ મોહથી દુર્દશા અને નિંદાને પામ્યા. પોતાની સ્ત્રીનું કોઈને દાન ન કરવું. તેથી પત્નીના પતિવ્રતપણાનો ભંગ થાય તેનું મોટું પાપ દાન કરનારને લાગે. આ રીતે નિષ્કામ ધર્મની રીત શ્રીજીમહારાજે બતાવી છે. (૧૩૫-૧૩૭) અતિથિ જ્યારે આવે ત્યારે ગૃહસ્થ સત્સંગીએ પોતાની શક્તિ પ્રમાણે ભોજન અથવા સીધું આપી તેમનો આદર કરવો. દેવસંબંધી બ્રહ્માદિક દેવતાનું તર્પણ, પિતૃકર્મ, શ્રાદ્ધાદિ કર્મ તે યથાશક્તિ કરવાં. ધર્મક્રિયા અને શાસ્ત્રપ્રણાલી જાળવવાનો શ્રીજીમહારાજનો સિદ્ધાંત અહીં સ્પષ્ટ થાય છે. (૧૩૮) સત્સંગીમાત્રે પોતાને જન્મ આપનારી મા, સાવકી મા, પિતા, ગુરુ, રોગી મનુષ્યની સેવા જીવન પર્યંત કરવી. સેવાનો મહિમા વિશેષ છે. નીલકંઠવર્ણીએ સેવકરામની સેવા કરી હતી. કમળશી વાંઝાની સેવા ઝીણાભાઈએ કરી તો મહારાજે ઝીણાભાઈની નનામી ઉપાડી સેવાનું ફળ આપ્યું અને સેવાધર્મનું મહત્ત્વ સમજાવ્યું. (૧૩૯) પોતાનાથી અધિક અથવા ઓછી સંપત્તિવાળાનો વાદ ન લેવો. કૃષિવૃત્તિવાળા સત્સંગી ગૃહસ્થોએ બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો. (૧૪૦) સત્સંગી ભક્તોએ પોતાની શક્તિ પ્રમાણે દેશકાળને અનુસરીને જેટલી પોતાના ઘરમાં જરૂરિયાત હોય તે પ્રમાણે અન્ન - દ્રવ્યનો સંગ્રહ કરવો. આ પ્રમાણે સંગ્રહ કર્યો જ હોય તો સારા-માઠા પ્રસંગોએ તે દ્રવ્ય ઉપયોગી થાય. પશુ રાખનાર ગૃહસ્થોએ પશુઓ પર દયા રાખવી. પશુના નિભાવ માટે ચારપૂળા એટલે કે જરૂર પૂરતા પશુખોરાકનો સંગ્રહ કરવો. સમયે સમયે ઘાસ, પાણી વગેરેથી પશુની સંભાવના થઈ શકે તેમ હોય તો રાખવાં. અથવા પાળી શકાય તેવા સુજ્ઞ દયાવાન જનોને આપી દેવાં. (૧૪૧-૧૪૨) બે પ્રતિષ્ઠિત, ધર્માચરણવાળા, શુદ્ધ ચારિત્ર્યવાળા ગૃહસ્થની સાક્ષી રાખી લખાણ કરીને ખેતર, જમીન, ઘર, દ્રવ્ય, ઘરેણાં વગેરે આપવા-લેવાનો વ્યવહાર કરવો, શુભ કાર્યમાં પણ સાક્ષી સાથે રાખીને વિવાહ વગેરેમાં નિર્ણય કરવો. આ પ્રમાણે વર્તવાથી કોર્ટ-કચેરીમાં જવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. એ રીતે આપણું જીવન નિર્વિઘ્ન બને છે. (૧૪૩-૧૪૪) પોતાની આવક પ્રમાણે ખર્ચ કરવો. નહિ તો માથે દેવું થઈ જાય અને તેમાંથી દુઃખ ઉભું થાય છે. આવક અને ખર્ચને યાદ રાખી રોજ સારા-સ્વચ્છ અક્ષરે પોતે જ નામું લખવું. બીજા પાસે લખાવવાથી છેતરાવાનો સંભવ રહે છે. અધ્યાત્મ માર્ગનું પણ નામું લખવું. (૧૪૫-૧૪૬) પોતાની આવકનો ધન-ધાન્યાદિકનો દશમો ભાગ અને વ્યવહારે દુર્બળ હોય તેણે વીશમો ભાગ ઠાકોરજીને અર્પણ કરવો તેથી અન્ન દ્રવ્યની શુદ્ધિ થાય છે. એકાદશી, શ્રીહરિ નવમી અને ચાંદ્રાયણાદિક જે વ્રતનું ઉદ્યાપન પૂર્ણાહુતિ, શક્તિ પ્રમાણે દાન, હોમ, બ્રહ્મભોજન અને મહાપૂજા કરાવવી. શ્રાવણ માસમાં મહાદેવનું પૂજન કરવું. સત્સંગીઓએ સર્વ દેવોનો આર્વિભાવ પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં કરી ભક્તિભાવપૂર્વક પૂજન કરવું. (૧૪૮-૧૪૯) દેવ તથા ધર્માચાર્યનું દ્રવ્ય લેવાથી પુણ્યનો ક્ષય થાય છે તેથી દેવ તથા ધર્માચાર્યનું કરજ ન કરવું, વાસણ, પાત્ર, ઘરેણાં, વસ્ત્ર, વાહન, ઈંટ, પથ્થર જેવી વસ્તુઓ માંગી લાવવી નહિ. (૧૫૦) મંદિર, પોતાનાં ગુરુ, સાધુનાં દર્શન કરવા જતાં માર્ગમાં તેમજ તેમનાં સ્થાનકમાં પારકું અન્ન ન ખાવું. સેવાકાર્ય નિમિત્તે રોકાવાનું થાય તેમાં અન્નાદિક ગ્રહણ કરવાનો બાધ નથી. (૧૫૧) પોતાના કામકાજ અર્થે રાખેલ ગરીબ મજૂરો પ્રત્યે દયાવાન થઈ તેમને નક્કી કર્યા પ્રમાણે ધન-ધાન્ય આપવું ઓછું ન આપવું. અર્થાત લોભ ન કરવો. કરજ ચૂકવતી વખતે બે સાક્ષી રાખી લખત કરી કાર્ય કરવું. પોતાનો વંશ અને કન્યાદાન છુપાવવાં નહિ. કન્યાદાન પ્રસંગે સંબંધીજનોની ઉપસ્થિતિ આવશ્યક માનેલી છે. (૧૫૨) ધનાઢ્ય સત્સંગી ભક્તોએ હિંસાએ રહિત ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના સંબંધવાળા

યજ્ઞો કરવા તેમજ તીર્થ શ્રીજીમહારાજ તથા ગુણાતીત સંતોના પ્રસાદીભૂત મંદિરો, શ્રીજીમહારાજ તેમજ તેમના ધારક સંતોના સંબંધવાળાં સ્થાનોમાં દ્વાદશી, પૂર્ણિમા તેમજ સમૈયા ઉત્સવ આદિ પ્રસંગોએ બ્રાહ્મણ સાધુ, પાર્ષદ હરિભક્તો વગેરેને જમાડવા. સાધુ તથા પાર્ષદને ધોતિયાં ઓઢાડવાં. મંદિરમાં દાન કરવું. દેવની સેવા કરવી. બ્રાહ્મણ-ગરીબ સત્સંગીને દાન કરવું. (૧૫૫-૧૫૬) **અથવા**

૨. **સંપ્રદાયનાં શાસ્ત્રો : સ્વામીની વાતો (૧૨/૩૫)** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં ચાલીસ વર્ષ મહંતાઈ કરી. સ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું : 'ધ્યાન કરવું, આત્મારૂપે વર્તવું, માંદાની સેવા કરવી ને ભગવાનની વાતો કરવી તેમાં શું શ્રેષ્ઠ છે ? ત્યારે શ્રીજીમહારાજે આજ્ઞા કરી કે 'વાતું કરવી એ શ્રેષ્ઠ છે.' માયાથી પર વર્તતા આવા સંત, જીવો ઉપર અહેતુક કૃપા વરસાવી વાતો કરી માયા પર લઈ જાય છે. તેથી વાતું કરવી શ્રેષ્ઠ છે. એટલે સ્વામીએ રાત-દિવસ, પાત્ર-કુપાત્ર જોયા વગર વાતો જ કરી છે. તેમજ રસ્તે ચાલતાં, ગામને પાદર, ચૂનાની ભઠ્ઠી પાસે કે મંદિરના વ્યવહારનું કામ કરતાં પણ સ્વામીએ જ્ઞાનમાર્ગ ચાલુ રાખ્યો. સ્વામી ઘણીવાર વાતો કરતાં કહેતા : 'આ તો અક્ષરધામની વાતું છે. આ વાતું ફરી જન્મ થવા દે તેવી નથી. આ વાતું તો અનંત સંશયને છેદી નાખે તેવી ભગવાન પુરુષોત્તમની વાતું છે. અજ્ઞાન ટાળી નાખે તેવી છે.' ગુણાતીતાનંદ સ્વામીની સાથે રહી સ્વામી જાગા ભક્ત, ઠક્કર નારણ પ્રધાન, હરિશંકરભાઈ રાવળ, સદ્‌ગુરુ બાળમુકુંદદાસ સ્વામી અને સદાશંકર અમરજીએ મહિમાપૂર્વક તે વાતો લખી લીધી. સ્વામીએ અચિંત્યાનંદ બ્રહ્મચારી પાસે કથા કરાવી તેને માન્ય કરી આપી. આવી અદ્‌ભુત વાતો વાંચીએ ત્યારે જ વચનામૃતના અર્થ સ્પષ્ટ થાય છે. સ્વામીની વાતો વચનામૃત પરના ભાષ્યરૂપ છે. સ્વામીએ પોતાના ઉપદેશમાં મુખ્યત્વે શ્રીજીમહારાજના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનો અદ્‌ભૂત મહિમા કહ્યો છે. બીજા મોટા મોટા સદ્‌ગુરુઓ પણ જે મહિમા કહી શક્યા નથી તે સ્વામીએ બેધડકપણે કહ્યો છે ને શાસ્ત્રની તંતીઓ તથા અવતારાદિકની ગ્રંથિઓ એમને આડે આવી નથી. સાથે સાથે વિષય ખંડનની, સ્વધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિતની ભક્તિની પણ સચોટ વાતો કરી છે. પ્રથમ બાળમુકુંદ સ્વામીએ પાંચ પ્રકરણમાં વાતો છપાવી. ત્યાર પછી કૃષ્ણજી અદાએ સાત પ્રકરણમાં તૈયાર કરી પ્રકટ કરી. હાલ સંસ્થા તરફથી પણ સંશોધિત કરી તે વાતો છપાવવામાં આવી છે. 'વચનામૃત' અને 'સ્વામીની વાતો'નું જ્ઞાન જેણે પચાવ્યું તેને બ્રહ્મસ્થિતિ પામવામાં કચાશ ન રહે. ગુણાતીત જ્ઞાનમાં કાચો ન રહે. સ્વામી કહેતા : આ વાતું તો અંગ્રેજનાં લોઢાં જેવી છે. અડતામાં અળગું કરે, માયાનો લેશ રહેવા ન દે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે 'સ્વામીની વાતો'નો મહિમા અપરંપાર વધાર્યો છે.

૩. **અદ્‌ભૂતાનંદ સ્વામી (૪/૧૧-૧૩)** અદ્‌ભુતાનંદ સ્વામીનું જીવન ખરેખર અદ્‌ભુત છે. તેમનું પૂર્વાશ્રમનું નામ કલ્યાણદાસ હતું. તેમના માતાનું નામ દેવુબાઈ તથા પિતાનું નામ સંઘા પટેલ હતું. સુરેન્દ્રનગર જીલ્લાના લખતર પાસે કડુ ગામમાં કલ્યાણદાસનો જન્મ થયો હતો. કલ્યાણદાસ તથા તેમના કાકા રામાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા હતા. શ્રીજીમહારાજનાં દર્શનનો યોગ સૌપ્રથમ માંગરોળમાં રામાનંદ સ્વામીનાં અક્ષરધામગમન બાદ થયો. કલ્યાણદાસને મેથાણ ગામના તેમના મામા અજા પટેલ તરફથી સત્સંગનો વારસો મળ્યો હતો. પિતા સત્સંગી ન હતા. દેવુબાઈ સત્સંગ કરે તો સંઘા પટેલને ગમતું નહિ. છતાં પણ તેમણે તેમના પુત્રોમાં સંસ્કારનું સિંચન કરવામાં ખામી રાખી ન હતી. સમય આવતાં કલ્યાણદાસનું લગ્ન મેથાણ ગામે કર્યું. આ લગ્નવિધિ ધામધૂમપૂર્વક અજા પટેલની છત્રછાયામાં પૂર્ણ થવાની તૈયારીમાં હતી ત્યાં જ તેમને શ્રીજીમહારાજનો આજ્ઞાપત્ર ખેપિયા દ્વારા મળ્યો. 'માંચા, સુરા, સોમલા, અલૈયા, મૂળુ, નાજા માતરા, મામૈયા, અજા, જીવા, વીરદાસ, લાધા, કાળા, કરમશી આદિક ભક્તજનો સીમમાં હો, ઘરમાં હો, જ્યાં હો ત્યાંથી ખાવુંપીવું પડતું મૂકીને ચાલી નીકળજો અમારું બહુ જ ગમતું છે.' મહારાજે બધાની ઉપાધિ પોતે ભોગવશું તેમ જણાવ્યું. આ પત્ર વાંચીને અજા પટેલ જવા તૈયાર થયાં. કલ્યાણદાસને આ ખબર પડી તેમણે મહારાજનો પત્ર માંગીને બે ત્રણ વખત વાંચ્યો અને તેમણે પણ મામાની સાથે જવાનું નક્કી કર્યું. અજા પટેલે કહ્યું ''પણ આમાં તમારું નામ ક્યાં છે ?'' તરત જ કલ્યાણદાસે કહ્યું આમાં છેલ્લે 'આદિ' શબ્દ લખ્યો છે તેથી તેમાં મારું નામ પણ આવી જાય છે. ભાણેજનો અફર નિર્ણય જાણીને તેઓ કાંઈ બોલ્યા નહિ. શુભ લગ્નપ્રસંગે આવી વિચિત્ર વાત સાંભળી સંબંધીઓ તથા સાસુ-સસરાએ ખૂબ સમજાવ્યા પણ તેમણે જરા પણ મચક ન આપી અને મક્કમતાપૂર્વક કોઇને મળ્યા વિના જ સીધા લગ્નમંડપમાંથીજ મામા સાથે ચાલી નીકળ્યા અને શ્રીજીમહારાજના આદેશ મુજબ જેતલપુર રામદાસ સ્વામીને મળીને સીધા ચાલીને ભુજ આવ્યા. શ્રીજીમહારાજે ગામ બહાર સૌનું સ્વાગત કરી નવા પરમહંસોને અતિશય હર્ષપૂર્વક બાથમાં લઈને ખૂબ ભેટ્યા. સૌની ખૂબ પ્રસંશા કરી પૂછ્યું 'આ કલ્યાણદાસનું નામ કાગળમાં ક્યાં હતું ? તે કેમ આવ્યા છે ?' ત્યારે કલ્યાણદાસે કહ્યું 'હે મહારાજ ! આપે કાગળમાં 'આદિક ભક્તજનો' એમ લખ્યું હતું તે આદિકમાં હું ગણાઇ જાઉં' જગતના નાશવંત સુખમાં ન રહેતાં મહારાજનું ગમતું કરવા આવેલ કલ્યાણદાસને ખરા ખપવાળા જાણી પાસે બોલાવી મીંઢળ છોડી નાખીને સાધુની દીક્ષા આપી. 'બીજા કોઈથી પણ ન થાય એવું અદ્‌ભુત કાર્ય તમે કર્યું છે માટે તમારું નામ અદ્‌ભુતાનંદ પાડીએ છીએ.' એમ કહી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા. શ્રીજીમહારાજની આજ્ઞા થતાં પોતાના વતનનાં ગામ કડુમાં તથા સસરાના ગામ મેથાણમાં જઇને ભીક્ષા માગી આવ્યા અને આકરી કસોટીમાંથી પસાર થયા. અદ્‌ભુતાનંદ સ્વામીના આ અદ્‌ભુત કાર્યથી તેમનાં ધર્મપત્ની ખૂબ જ પ્રભાવિત થયાં અને જીવનપર્યંત બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુ ભક્તિમાં જીવન વીતાવ્યું. અદ્‌ભુતાનંદ સ્વામીના ભાઈ વજુભાઇ તેમને ઘેર તેડી જવાના આશયથી ગાડું જોડીને વરતાલ આવ્યા. સ્વામીશ્રીએ પાંચ દિવસ રોકી વૈરાગ્યની એવી અસરકારક વાતો કરી કે ઘેર ન ગયા અને ત્યાં જ દીક્ષા લીધી. તેમના બીજા ભાઇ વિઠ્ઠલભાઈ તેડવા આવ્યા તેમને સંસાર સુખ અનિત્ય સમજી સાધુ થઈ ગયાં. અદ્‌ભુતાનંદ સ્વામીએ કચ્છ ગુજરાતના ઘણાં ગામોમાં ફરી સત્સંગ કરાવ્યો હતો. ધોલેરા મંદિરની મહંતાઇ લેવા કોઇ તૈયાર ન હતું ત્યારે તેમણે મહારાજની આજ્ઞા માથે ચડાવીને ધોલેરા મંદિરનાં મહંત થયા. ભાલ દેશના વારણા ગામનાં હરિભક્તોની પરિસ્થિતિ દુર્બળ હોવાથી, અદ્‌ભુતાનંદ સ્વામીએ ત્યાં ચમત્કારિક સંકટભંજન હનુમાનની મૂર્તિ પધરાવી. ૧૯૩૯માં શાસ્ત્રીજી

મહારાજે દીક્ષા લીધી ત્યારે અદ્‌ભુતાનંદ સ્વામીની સેવાનો લાભ લીધો હતો. સંવત ૧૯૩૯માં તેઓ અક્ષરનિવાસી થયા. અદ્‌ભુતાનંદ સ્વામીના આવા અદ્‌ભુત જીવન પ્રસંગો ત્યાગી તેમજ ગૃહી સર્વ મુમુક્ષુઓ માટે અત્યંત પ્રેરણાદાયી છે. **અથવા**

૪. **પાર્ષદ (૫/૧૫)** સંપ્રદાયમાં શ્વેત વસ્ત્રધારી પાર્ષદો ત્યાગીવર્ગના જ મુમુક્ષુભક્તો છે. પાર્ષદોને બ્રહ્મચર્યપરાયણ રહેવાનું હોય છે. શ્રીજીમહારાજના અંગરક્ષકો ભગુજી, મિંયાજી, રતનજી વગેરે પાર્ષદો હતા. તેમાં નાત-જાત તરફ ભેદદૃષ્ટિ રાખ્યા સિવાય મુસલમાન મિંયાજીને મહારાજે પોતાની સેવામાં રાખ્યા હતા. જૂની પરંપરામાં આ પાર્ષદો સિવેલાં વસ્ત્રો પહેરી શકતા હતા. સ્ત્રીઓ સાથે મંદિરના વ્યવહાર અને લેવડ-દેવડ પૂરતી વાતચીત કરી શકે છે. દેવના દ્રવ્યના સ્પર્શની વ્યવહાર માટે ઉપયોગી વ્યવસ્થા કરવાની તેમને છૂટ છે. સ્ત્રીનો સ્પર્શ અને દ્રવ્યનો સંગ્રહ સર્વથા વર્જ્ય છે. તેઓ સંતો-ધર્માચાર્યની રક્ષામાં તેમજ મંદિરના રક્ષણકાર્ય સમયે શસ્ત્ર ધારણ કરી શકે છે. આ પાર્ષદો એકલા હરીફરી શકે છે. આ ઉપરાંત બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે ને યોગીજી મહારાજે પાર્ષદ પંક્તિના ત્યાગીવર્ગના નિયમોમાં કેટલોક સુધારો કર્યો છે. અક્ષરપુરુષોત્તમ સંસ્થામાં એમણે શ્વેત વસ્ત્રધારી પાર્ષદોને કાષાય વસ્ત્રધારી સાધુના જેવા જ નિયમો ધારણ કરાવ્યા. જેવા કે સ્ત્રી-ધનનો અષ્ટપ્રકારે ત્યાગ તથા જોડ વગર એકલા રહેવાય નહિ, વગેરે..... આ રીતે પાર્ષદ પંકિતમાં ત્યાગીના કડક નિયમોનો અમલ દાખલ કરી તેમણે શ્વેત વસ્ત્રધારી પાર્ષદોને સંતપંક્તિના જેટલું જ ગૌરવ આપ્યું છે. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થામાં પ્રમુખસ્વામી મહારાજે પાર્ષદ દીક્ષાને ભાગવતી દીક્ષા અથવા તો સાધુ દીક્ષાનું એક પ્રાથમિક અંગ બનાવ્યું છે, સાધુ દીક્ષા પૂર્વે પાર્ષદ દીક્ષા લઈને મુમુક્ષુ, યુવાન, પોતાની ત્યાગાશ્રમી તરીકેની દૃઢતા કેળવે છે, સાધુતાના સદ્‌ગુણો ખીલવે છે.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ: અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. તીર્થના કેટલા પ્રકારો છે ? કયા કયા ? (૮/૨૨-૨૩)

જ. તીર્થના પ્રકાર ત્રણ છે, નિત્ય તીર્થ, ભગવદીય તીર્થ, સંત તીર્થ.

૨. શ્રીજીમહારાજે ગ.અં. ૨૪ વચનામૃતમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામીની શી પ્રશંસા કરી છે ? (૨૦/૬૨)

જ. સ્વયંપ્રકાશાનંદ સ્વામીનું 'નિશ્ચય તથા માહાત્મ્ય એ અંગ છે.' એમ કહીને તેમની પ્રશંસા કરી છે.

૩. ચાર પ્રકારનાં ધ્યાન કયાં છે ? (૧૩/૪૨-૪૩)

જ. સાંગ ધ્યાન, ઉપાંગ ધ્યાન, સપાર્ષદ ધ્યાન અને સલીલ ધ્યાન.

૪. કૃપાનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે આવ્યા તે પહેલાં ક્યાં સેવા કરતા હતા ? (૧૭/૫૨)

જ. કૃપાનંદ સ્વામી શ્રીજીમહારાજ પાસે આવ્યા તે પહેલાં જગન્નાથપુરીમાં સેવા કરતા હતા.

૫. ગુણાતીતાનંદ સ્વામીએ ભગવાનને નિરંતર રાજી રાખવા માટે કયો ઉપાય કહ્યો છે ? (૨૨/૬૬)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ 'ભગવાનને નિરંતર રાજી રાખવા હોય તેને આજ્ઞા લોપવી નહિ' એ ઉપાય કહ્યો છે.

૬. રામબાઈએ કયા હેતુથી કૂવામાં પાણી નાખ્યું ? (૨૪/૭૩)

જ. આ પ્રસાદીનું પાણી જાણેઅજાણે જે પીશે તેને સત્સંગના સંસ્કાર થશે, અને સત્સંગી થઈ મહારાજનું ભજન કરે એ હેતુથી રામબાઈએ કૂવામાં પાણી નાખ્યું.

**પ્ર.૫** 'વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪' નું (૧૮/૫૭-૫૮) - **નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**નિરૂપણ :-** ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત જે ધર્મ તેને એકાંતિક ધર્મ કહે છે અથવા ભાગવતધર્મ પણ કહે છે. આવો જે ભાગવતધર્મ તે હંમેશા પૃથ્વી ઉપર ભગવાનને આશરીને રહેલો હોય છે. જ્યારે યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન અંતર્ધાન થયા ત્યાર પછી ધર્મ કોને શરણે રહ્યો ? શ્રીમદ્‌ભાગવતમાં આ સંવાદ ચાલી રહ્યો છે તેના અનુસંધાનમાં મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછયો કે આ ભાગવતધર્મનું પોષણ કેમ થાય ? અર્થાત્‌ ભાગવતધર્મ તે પૃથ્વી ઉપર અખંડ કેવી રીતે પ્રગટ રહે ? અને બીજો પ્રશ્ન પૂછયો કે 'જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય ?' ત્યારે શ્રીજીમહારાજે જવાબ આપતાં કહ્યું કે 'સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્ય જ્ઞાને સહિત જે ભક્તિ તેણે યુક્ત એવા પરમ એકાંતિક સંત તેને આશરીને ભાગવતધર્મ રહે છે. માટે એવા સાધુના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે. સાક્ષાત્‌ ભગવાનના સંગથી અથવા તદ્‌વદ્‌ભાવને પામેલા આવા ભક્ત-પરમ એકાંતિક સંતના પ્રસંગ થકી જ ભાગવતધર્મ મુમુક્ષુ જીવો પામી શકે, બીજો કોઈ ઉપાય નથી. આ ભાગવતધર્મને પામવો અર્થાત્‌ સિદ્ધ કરવો એ મોક્ષનું દ્વાર ઉઘાડું કર્યા બરોબર છે. આવા ભાગવતધર્મના અધિકારી નિર્મત્સર સંતના પ્રસંગ થકી જ મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. આખું ભાગવત જેને કંઠસ્થ હતું એવા દીનાનાથ ભટ્ટને 'મોક્ષનો શ્લોક કયો ?' એ પ્રશ્ન શ્રીજીમહારાજે પૂછયો. તેઓ કહી શક્યા નહિ. ત્યારે શ્રીજીમહારાજે તેમને 'પ્રસંગમજરમ્‌...' આ શ્લોક કહી બતાવ્યો. પ્રસંગ એટલે શું ? જેવો આ જીવને પોતાના દેહની સાથે તથા સગાંસંબંધી સાથે છે તેવો પ્રસંગ અર્થાત્‌ આત્મબુદ્ધિ આવા પરમ એકાંતિક સંત સાથે થાય તો જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. કારણ કે સાચા સંત હોય તે ભગવાનમાં જ જોડે છે, પણ કદાપિ પોતામાં જોડતા નથી. બીજા પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજે જણાવ્યું કે જેને પરમેશ્વરના વચનની ખટક હોય છે અર્થાત્‌ આજ્ઞા પાળવાનો ઈશક છે તે કદાપિ ધર્મમાંથી પડે નહિ તેમ જાણવું પણ આજ્ઞા પાળવામાં દૃઢતા નથી તો તેનો ધર્મ પણ દૃઢ નહિ રહે તથા સત્સંગ પણ દૃઢ નહિ રહે.

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ : જવાબમાં આપેલાં અંક કોઈપણ ક્રમમાં લખેલા હોય તો અને જેટલા સાચા હોય તેટલા જ ગુણ આપવા.**

**વિષયઃ ઉકાખાચર (૩/૯-૧૦) ફક્ત સાચા નંબર** ૨ | ૪ | ૬ | ૯ | ૧૦

**પ્ર.૭ નીચે આપેલી પંક્તિ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)** **☞ નોંધ : કીર્તન અડધું સાચું હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. સ્વામિનારાયણ નામને પરહરી, જાર ભજનાર સર્વે ખ્વાર થાશે.
કહે છે મુક્તાનંદ પ્રગટ ભજ પ્રાણિયા, અઘતણા ઓઘ તત્કાળ જાશે. (૬/૧૬)

૨. દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ; દેશો મા હરિજનનો અભાવ, દેશો મા અહંકારી સ્વભાવ.
દેશો મા સંગ નાસ્તિકનો રાય, મેલી તમને જે કર્મને ગાય; એ આદિ નથી માગતા અમે દેશો મા દયા કરીને તમે.(૨૬/૭૭)

૩. વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ; જેને ભજતાં છૂટે ફંદ કરે ભવ પારને રે લોલ.
સમરું પ્રકટ રૂપ સુખધામ અનુપમ નામને રે લોલ; જેને ભવ-બ્રહ્માદિક દેવ ભજે તજી કામને રે લોલ. (૨૧/૬૩)

૪. વહાલા તારા જુગલ ચરણ રસરૂપ વખાણું વહાલમાં રે લોલ;
વહાલા અતિ કોમળ અરુણ રસાળ ચોરે ચિત્ત ચાલમાં રે લોલ,
વહાલા તારે જમણે અંગૂઠે તિલ કે નખમાં ચિહ્ન છે રે લોલ;
વહાલા છેલ્લી આંગળીએ તિલ એક જોવાને મન દીન છે રે લોલ. (૨૧/૬૫)

**પ્ર.૮ નીચે આપેલાં જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- જનમંગલનામાવલિ / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. જનમઙ્ગલસ્તોત્રમ્ : તીવ્રવૈરાગ્યાય નમઃ, આસ્તિકાય નમઃ, યોગેશ્વરાય નમઃ, યોગકલાપ્રવૃતયે નમઃ, અતિધૈર્યવ્રતે નમઃ, જ્ઞાનિને નમઃ (૧૫/૪૭)

૨. सद्ग्रन्थ-नित्यपठन -श्रवणादिसत्वं ब्राह्मीं च सत्सदसि शासतमत्र विद्याम् ।
संसारजाल - पतिताखिल - जीवबन्धो त्वां भक्तिधर्मतनयं शरणं प्रपद्ये॥ (૯/૨૭)

૩. **ગુજરાતી ભાષાંતર :** બ્રાહ્ય અને આંતર ઈન્દ્રિયોનો સમૂહ, પ્રાણ-ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતા તે સર્વથી વિવિધ વૃત્તિઓની જે ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે, તેને પણ સ્વસ્વરૂપમાં સર્વદા વર્તતા તમો સ્વયં સ્વપ્રતાપથી નિર્બંધ હોય તે થકી જુદા રહ્યા થકા તેને (વૃત્તિઓની ઉત્પત્યાદિ) સાક્ષાત્ જુઓ છો એવા ભક્તિ તથા ધર્મના પુત્ર ! આપને હું શરણે જાઉં છું. (૯/૨૫)

**(વિભાગ - ૨ : ગુણાતીતાનંદ સ્વામી, નવમી આવૃત્તિ, ઑગસ્ટ - ૨૦૧૦)**

**પ્ર.૯ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ‘‘તમારે ત્યાં ભગવાનના ધામરૂપ અક્ષર પુત્રરૂપે જન્મ લેશે.’’ (૧/૧-૨)

➫ આત્માનંદ સ્વામી - સાકરબાને

➫ પુત્ર પ્રાપ્તિની ઈચ્છાથી પ્રભાતક્ષેત્રની યાત્રાએ નીકળેલા ભોળાનાથ અને સાકરબાને મેખાટીંબી ગામે એક પટેલે કહ્યું તમે આત્માનંદ સ્વામીને સંભારો તો તમારો મનોરથ પૂરો થશે. આત્માનંદ સ્વામીનું સ્મરણ કરતાં દંપતી સૂઈ ગયા ત્યારે સ્વપ્નમાં દર્શન દઈને કહે છે.

૨. ‘‘મારે તો મહારાજની આજ્ઞા છે. ’’ (૬/૧૭)

➫ મુક્તાનંદ સ્વામી - ગુણાતીતાનંદ સ્વામીને

➫ ગુણાતીતાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : ‘પણ તમે તો નીચે સૂતા છો.’ ત્યારે કહે છે.

૩. ‘‘ આ તો કાચું સોનું છે પણ ઠાકોરજીનો વીસમો ભાગ કાઢજો.’’ (૩૫/૬૧)

➫ સ્વામી - જસાભગતને

➫ જસા ભગતને ખેતરે પધારી જમીન પાવન કરતાં કહે છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈ પણ ત્રણ વિષે કારણ લખો. (નવેક લીટીમાં) (કુલ ગુણ : ૯)**

**૧. ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજની ઘોડી સાથે દોડ્યા. (૨૦/૩૬-૩૭)** શ્રીજીમહારાજ સંતો હરિભક્તોના સંઘ સાથે ગઢડાથી વરતાલ જતા, બરવાળા આવ્યા. અહીંના હરિભક્તોએ મહારાજ અને સંત-હરિભક્તોને પાકના લાડુ ધર્યા. સ્વામીને પણ ભાગમાં એક લાડુ મળ્યો. તેમને તો તેની સ્પૃહા ન હતી. ખેવના ન હતી. મહારાજની મૂર્તિમાં જ રસબસ રહેનાર સ્વામીને મહારાજનાં દર્શનની તાલાવેલી પળે પળે હતી. મહારાજની મૂર્તિના રસ આગળ તેમને જગતના તમામ રસ ફીકા લાગતા. મહારાજનાં દર્શન કરવા હોય તો મહારાજની ઘોડી સાથે દોડવું પડે. વળી સાધુના નિયમ પ્રમાણે એકલા પણ જવાય નહિ. સાધુની જોડ તો જોઈએ

જ અને તેને પણ દોડવાની શ્રધ્ધા જોઈએ. તેથી સ્વામીએ એક સાધુને વિનંતિ કરી કે મારે મહારાજનાં દર્શન કરવા તેમની ઘોડી સાથે દોડવું છે. જો તમે મારી સાથે દોડો તો મારા ભાગનો પાકનો લાડું તમને આપું. લાડુના લોભે તે સાધુ દોડવા તૈયાર થયા. મહારાજની મૂર્તિનાં દર્શન કરતી વખતે સ્વામી કેટલીક વખત આડા રસ્તે ખેતરોમાં કાંટાઓમાં, કાંકરામાં દેહની દરકાર કર્યા વિના દોડતા જાય અને મહારાજનાં દર્શન કરતા જાય. મહારાજ પણ સ્વામીની સામે જોઈને મરક મરક હસતા જાય. આમ, બીજું ગામ આવ્યું ત્યાં સુધી સ્વામી મહારાજનાં દર્શન માટે દોડ્યા.

૨. **ગુણાતીતાનંદ સ્વામી શેર મઠ જમી ગયા. (૧૬/૩૧)** મહારાજે મોટા રામદાસ સ્વામીની સાથે સ્વામીને ગામડે ફરવા મોકલ્યા. એક ગામમાં બે-ત્રણ સંતોને તાવ આવ્યો. આ સંતોથી અનાજ લઈ શકાતું ન હતું. તેથી એક હરિભક્ત મઠ શેકીને લાવ્યા. રામદાસ સ્વામીએ માંદા સંતોને મઠ ખાવા આપ્યા. મઠ ઘણા વધ્યા. તેથી મંડળના સૌ સાધુઓને પણ વહેંચ્યા. છતાં શેર મઠ વધ્યા. રામદાસ સ્વામી વિચારમાં પડ્યા, કારણ કે સંતો બધા તૃપ્ત થઈ ગયા હતા. તેથી કોઈ વધુ ખાઈ શકે એમ ન હતું. વળી મહારાજે સૌને અપરિગ્રહ વ્રતનો નિયમ આપેલો તેથી સંગ્રહ પણ થાય નહિ. તેથી રામદાસ સ્વામીએ ફરીથી સંતોને વિનંતી કરી કે 'આ મઠ કોઈ જમી જાઓ તો ઠીક.' હંમેશા ભૂખ સહન કરતાં સ્વામી બોલ્યા : 'આપની ઈચ્છા હોય તો લાવો હું જમી જાઉં.' એમ કહીને તે મઠ સ્વામી જમી ગયા. તે જોઈ રામદાસ સ્વામીએ કહ્યું : 'અહો સાધુરામ! રોજ આટલી ભૂખ વેઠો છો ?' સ્વામી એટલી ભૂખ કાયમ સહન કરતા.

૩. **બાઉદ્દીન રંકનો રાજા થયો. (૩૭/૬૨-૬૩)** શિયાળાની એક સાંજે સ્વામી, શ્રીજીમહારાજના પ્રસાદીના નારાયણ ધરે સંત-હરિભક્તો સાથે સ્નાન કરીને પાછા ફરતા હતા ત્યારે ઠંડીનો ચમકારો હોવાથી સ્વામીને ખૂબ ઠંડી લાગી. તેથી તાપવાની ઇચ્છા થઈ. થોડે દૂર રસ્તા પર મુસલમાન કઠિયારો તેની મા સાથે લાકડાની ભારી બાંધીને બેઠા હતા. ભગતે સ્વામીને ટાઢ ચડી હોવાથી તાપવા માટે ઇંધણાની માંગણી કરી. બાઈએ ઓલિયા જેવા ફકીર માટે આખી ભારી દીકરા પાસેથી અને પોતાનામાંથી બે ઇંધણાં આપ્યાં. કારણ કે તેને ફકીરની દુઆ મેળવવાની ઇચ્છા હતી. સ્વામી રાજી થયાં અને બોલ્યાં, 'હવે તેને લાકડાં કાપવાં નહિ પડે.' થોડીવારે સ્વામી મંદિરે પરત આવ્યા. આ કઠિયારો બાઉદ્દીન તેની બહેન સાથે બજારમાં નીકળ્યો ત્યારે નવાબની સવારી નીકળી હતી. નવાબને તેની બહેનનું રૂપ અને યૌવન જોઈ નિકાહ પઢવાની ઇચ્છા થઈ. દરબારમાં બોલાવી વાત કરી. માની સંમતિથી બાઉદ્દીને નવાબ સાથે બહેનને પરણાવી અને તે નવાબનો ખાનગી કારભારી અને દીવાન બન્યો. સ્વામીના આશીર્વાદથી જ પોતાની ઉન્નતિ થઈ તેનો ખ્યાલ રાખી મંદિરે દર્શને આવતા ને રસોઈ આપતા, સંતોની સેવા કરતા. આમ સ્વામીની દૃષ્ટિથી બાઉદ્દીન રંકમાંથી રાજા થયો !

૪. **નાગર ભક્તનો રસાસ્વાદ નીકળી ગયો. (૩૮/૬૩-૬૪)** જૂનાગઢના એક નાગરભક્તને રસાસ્વાદ બહુ હતો. તેથી ઘરમાં ઘણો ક્લેશ કરતા. ઘરના માણસોએ કંટાળીને સ્વામીને ફરિયાદ કરી. તેઓ મંદિરે આવે પરંતુ સભામાં બેસતા નહિ. એક દિવસ સ્વામીએ તેમને સભામાં બેસાડ્યા. સ્વામીની દૃષ્ટિથી જ તેના અંતરનાં કમાડ ખૂલી ગયાં ને સ્વામીની વાતોથી વિષયનાં શૈલ્ય નીકળવા લાગ્યાં. વાસુદેવ હરે થતાં સ્વામી ભંડારમાં જમવા પધાર્યા. નાગર હરિભક્ત પણ તેમની પાછળ ભંડારમાં ગયા અને વિચારવા લાગ્યા કે આવા મોટા મંદિરના મહંત મેવા મીઠાઈઓ જમતા હશે. તેથી સ્વામીની પાછળ ભંડારમાં ગયા. ભંડારી સાધુએ સ્વામીના પત્તરમાં ભૂકા જેવું પીરસ્યું તે જોઈને તેને થયું કે ચૂરમું હશે અને હવે ઘી અને ખાંડ આવશે પછી દૂધ જેવું પ્રવાહી જોતાં તેને થયું દૂધપાક હશે ! સ્વામી સંકલ્પ જાણી ગયા તેથી પત્તરમાં પાણી અને થોડું જીરું-મીઠું નાંખ્યું. એ જોઈ તેનો ભ્રમ ભાંગી ગયો. સ્વામીએ કહ્યું, 'અમે તો રોટલાનો ખૂરમા અને છાશ જમીએ છીએ.' એ જોઈ તેને સ્વામીનો બહુ ગુણ આવ્યો ને વિચારમાં ને વિચારમાં ઘરે પહોંચી ચૂપચાપ જમી લીધું, એ દિવસથી તેને અંતર્દષ્ટિ થઈ ને તેનો રસાસ્વાદ નીકળી ગયો.

**પ્ર.૧૧નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૮)**

૧. **અનાદિના સેવક (૨૧/૩૭-૩૯)** મહારાજની આજ્ઞાથી સ્વામી વરતાલમાં કેટલાક માંદા સાધુઓની સેવા કરતા હતા. એકવાર માંદા સાધુઓની ગોદડીઓ સાથે કેટલાક સાજા સાધુઓએ પણ પોતાની ગોદડીઓ ધોવા આપી. સ્વામી અઢાર ગોદડીઓ ગોમતીમાં ધોઈ પોતાના બંને ખભે લઈને મંદિરે આવતા હતા. ત્યારે હનુમાનવાળા દરવાજે મહારાજ મળ્યા અને અલૌકિક દૃષ્ટિમિલન ચાલ્યું. થોડીવારે મહારાજ સભામાં આવી અકળામણ બતાવી કહેવા લાગ્યા કે, 'પેલા સાધુએ મારે માથે ભાર મૂક્યો છે તે લઈ લો. આમ, સ્વામી સાથે પોતાની એકતા બતાવી. સદ્‌ગુરુ સંતોને બોલાવી કહ્યું, 'આ તો બહુ સમર્થ સાધુ છે. કાં જે જેમ સાણસામાં સાપ પકડે તેમ ત્રણેય અવસ્થામાં અમારી મૂર્તિ એમણે ઝાલી છે.' એમની જેમ બીજાને અમારી મૂર્તિ પકડવી કઠણ છે. આ સાધુ તો અમારા અનાદિના સેવક છે. તેમના દ્વારા અમારી સર્વોપરી ઉપાસના આખા સત્સંગમાં પ્રવર્તશે.

૨. **વૃત્તિનો નિરોધ (૮/૨૧-૨૩)** સં. ૧૮૬૯માં દુકાળ પડવાથી મહારાજે મુક્તાનંદ સ્વામીને બસો સંતોના મંડળ સાથે સુરત મોકલ્યા હતા. સંતોના ઉતારા ની સામે ખંડિયેરમાં એક નીલ વાંદરું કોઈએ બાંધ્યું હતું. વાંદરાની ચંચળતાને કારણે સૌની દૃષ્ટિ તે વાંદરા ઉપર પડતી. રાત્રે કથાપ્રસંગે મુક્તાનંદ સ્વામીએ સૌ સંતોને કહ્યું, 'જુઓ, આપણી ઈન્દ્રિયો કેવી ચંચળ છે ! તે આપણને છેતરે છે. સામેના મકાનમાં વાંદરું છે તે તરફ દૃષ્ટિ કરવાની આપણે જરૂર નથી છતાં આપણામાંથી બધાની દૃષ્ટિ ત્યાં ગઈ હશે. જેમણે આ વાંદરા સામે ન જોયું હોય તે ઊભા થાય.' એક ગુણાતીતાનંદ સ્વામી જ ઊભા થયા. મુક્તાનંદ સ્વામીને અતિશય આશ્ચર્ય થયું. બસો સાધુમાં વૃત્તિના નિરોધવાળા તો એક તમે જ નીકળ્યા. મારી પણ એકવાર ત્યાં નજર ગયેલી. સ્વામીને મહારાજની મૂર્તિ સિવાય અંતરમાં બીજું કાંઈ હતું જ નહીં. તેમને બ્રહ્મસ્થિતિ હતી. સુરત શહેરમાં ઝોળી માગવા વારાફરતી સૌ સંતો જતા. મુક્તાનંદ

સ્વામીની આજ્ઞાથી સ્વામીને રોજ જવું પડતું, કારણ કે શહેરમાં ઝોળી માગવા જતા બીજા સંતોની દૃષ્ટિ અજાણતાં સ્ત્રીઓ ઉપર પડી જતી અને તેમને અચૂક ઉપવાસ પડતો. પરંતુ મહારાજની મૂર્તિમાં અખંડ જેની વૃત્તિ છે તેવા સ્વામી તો તે નિયમોનું સખત પાલન સહજભાવે કરતા. તેમની સાથેના સંતો બદલાતા પણે તેઓ નિશ્ચલભાવે રોજ ઝોળી માગવાની સેવામાં જતા. શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપમાં સ્વામીની અખંડ સ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ સાથે ઝોળી માગવા જતા આનંદ સ્વામીને થયો. ઝોળીના બે છેડા સ્વામીએ આગળ પકડ્યા હતા. નીચી દૃષ્ટિએ 'નારાયણ હરે, સચ્ચિદાનંદ પ્રભો'ની આહ્‌લેક જગાવતાં સ્વામી રસ્તામાં ચાલતા હતા, તે સમયે મહારાજ દિવ્ય સ્વરૂપે સ્વામીની આગળ, પાછે પગે ચાલતા હતા, તેવાં તેમને દર્શન થયાં. સ્વામી નતમસ્તકે, મહારાજને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે મહારાજ ! આપ સન્મુખ દૃષ્ટિ કરીને ચાલો તો ઠીક, કારણ કે ખાડા-ટેકરા ઘણા છે એટલે પડી જવાશે. મહારાજે તેમને કહ્યું : 'તમ જેવા સાધુને પૂંઠ કેમ દેવાય ? આ બધું આનંદ સ્વામીએ મહારાજની કૃપાથી જોયું અને સાંભળ્યું. **(નોંધ : વૃત્તિના નિરોધમાં વાંદરા વાળો પ્રસંગ ફરજિયાત છે. આનંદ સ્વામીનો પ્રસંગ લખ્યો ના હોય તો પણ પૂરા ગુણ આપવા.)**

૩. **'તમારામાં અખંડ રહ્યો છું.'** (૨૬/૪૫-૪૭) શ્રીજીમહારાજે પોતાના સ્વરૂપ અને ધામરૂપ પ્રમાણ કરેલા સંતવર્ય સ્વામીશ્રી સાથે મહારાજને કેવી એકતા છે. તે અંતિમ સમયે પણ સૌને બતાવ્યું. મહારાજે મંદવાડમાં બે મહિના સુધી બ્રહ્માનંદ સ્વામીને પાસે રાખી સુખ આપ્યું. જ્યારે ધામમાં જવાનો સંકલ્પ કર્યો એટલે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ જવાની અને ગુણાતીતાનંદ સ્વામીને અહીં મોકલવાની આજ્ઞા કરી. મહારાજની આજ્ઞા થવાથી ન છૂટકે બ્રહ્માનંદ સ્વામીને જૂનાગઢ જવું પડ્યું. મહારાજની આજ્ઞાની વાટ જોઈ રહેલા સ્વામી સંદેશો મળતાં જ ગઢડા જવા નીકળી ગયા. જેઠ સુદ છઠને દિવસે ગઢડા પહોંચ્યા. મહારાજને ઘેરો મંદવાડ હોવાથી કોઈને પણ પાસે જવાની બંધી હતી. પણ સ્વામી આવે તો લઈ આવવાનું મહારાજે સુરાખાચરને કહી રાખેલું હોવાથી તેમને તરત જ મહારાજ પાસે લઈ ગયા. સ્વામી સામે જોઈને મહારાજ બોલ્યા : 'મીઠા વ્હાલા કેમ વિસરો ..' મહારાજે ગોપાળાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામી અને રઘુવીરજીનું વિશેષ ધ્યાન રાખવાનું કહ્યું. સ્વામીને ભલામણ કરતાં કહ્યું : 'અમારે હવે આ લોકમાં રહેવું નથી. પરંતુ તમે અમારા સ્વરૂપનો પૂર્ણ મહિમા ફેલાવજો અને સૌ સત્સંગીઓને અલૌકિક આનંદ કરાવજો.' સંવત ૧૮૮૬ની જેઠ સુદ દશમની સવારે મહારાજ સ્વધામ પધાર્યા. લક્ષ્મીવાડીમાં મહારાજના દેહનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાં બહિર્ભૂમિ જતા લીલી ધ્રોને જોઈ સ્વામીને થયું. આ ધ્રોનું જીવન જળ છે તે કેવી લીલી પલ્લવ છે. આપણું જીવન મહારાજ હતા તે ગયા !' એ વિચારમાં જ સ્વામી ત્યાં મૂર્છાવશ થઈ પડી ગયા. ત્યારે મહારાજ દિવ્ય સ્વરૂપે પ્રગટ થયા અને કહ્યું કે 'સ્વામી ! શું હું ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' એમ કહી મહારાજ અદૃશ્ય થઈ ગયા. સ્વામી મહારાજના દર્શનથી અંતરમાં પુલકિત થઈ, મહારાજની આજ્ઞા પ્રમાણે એકાંતિક ધર્મના પ્રવર્તન માટે તે ઘડીથી કાર્યરત થયા.

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહીં.**

૧. ધરમપુર જતાં ગુણાતીતાનંદ સ્વામીએ કોની સેવા કરી ? (૧૭/૩૨)

જ. ધરમપુર જતાં ગુણાતીતાનંદ સ્વામીએ દેવાનંદ સ્વામીની સેવા કરી.

૨. ગઢડામાં મુક્તાનંદ સ્વામી શાથી વિસ્મય પામ્યા ? (૭/૨૦)

જ. ગુણાતીતાનંદ સ્વામીની મહારાજનાં દર્શન માટેની તીવ્ર આસક્તિ જોઈને ગઢડામાં મુક્તાનંદ સ્વામી વિસ્મય પામ્યા.

૩. આત્માનંદ સ્વામીને કેટલા વર્ષની ઉંમરે શ્રીજીમહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો ? (૪૨/૬૮)

જ. આત્માનંદ સ્વામીને ૧૧૬ વર્ષની ઉંમરે શ્રીજીમહારાજના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થયો.

૪. ગુણાતીતાનંદ સ્વામીએ માવાભાઈને ક્યાં જઈ શાનો ધંધો કરવા આશીર્વાદ આપ્યા ? (૪૦/૬૬)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ માવાભાઈને કરાંચી જઈ કોંટ્રાક્ટનો ધંધો કરવા આશીર્વાદ આપ્યા.

૫. શ્રીજીમહારાજને કોને ભેટતાં કઠણ પડ્યું ? (૯/૨૪)

જ. શ્રીજીમહારાજને શાંતાનંદને ભેટતાં કઠણ પડ્યું.

૬. ભરવાડ શું બોલી માળા ફેરવતો ? શા માટે ? (૩૧/૫૩)

જ. ભરવાડ સ્વામિનારાયણ બોલી શકતો નહિ તેથી 'ગુણાનંદ' બોલી માળા ફેરવતો.

**પ્ર.૧૩ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં) (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- આ જ ભાવાર્થ હોવો જરૂરી નથી. પરીક્ષકે વિષયને અનુરૂપ ભાવાર્થ છે કે નહીં તે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. પ્રસંગ વર્ણનનાં ૩ ગુણ અને ભાવાર્થનો ૧ ગુણ.**

૧. **ક્ષમાશીલ** (૧૩/૨૮-૨૯) કૃપાનંદ સ્વામી સાથે ગુણાતીતાનંદ સ્વામી અને સંતો વિચરણ કરતા કરતા જૂના સાવર ગામે આવી પહોંચ્યા. આ ગામનો ધણી ઉગો ખુમાણ ભેખના શબ્દોથી ભરમાઈને સત્સંગનો ખૂબ દ્વેષ કરતો હતો. ઉગા ખુમાણને કોઈએ જણાવ્યું કે સ્વામિનારાયણના મુંડિયા આવ્યા છે. તેણે તરત જ પોતાના માણસો દ્વારા સંતોને ગામ બહાર કઢાવ્યા. પોતાના નોકરો તેમજ છોકરાઓ પાસે સંતો પર ધૂળ, કાંકરા, છાણ વગેરે નંખાવ્યું. માર પણ મરાવ્યો. છતાં સંતો કાંઈ પણ બોલ્યા નહિ તેમજ ખરાબ વિચાર પણ કર્યો નહિ. ગામ બહાર નદીકાંઠે આવીને બેઠા. ત્યાં ગામના માણસો દ્વારા થતી વાત સાંભળી કે દરબાર આવો નિર્દય છે. સાધુઓનું અપમાન કરે છે તેથી ભગવાન દીકરો ક્યાંથી આપે ? આ સાંભળી સ્વામીને વિચાર આવ્યો કે દરબારનો દ્વેષ

અણસમજણનો છે તેથી આપણે એવો સંકલ્પ કરીએ કે તેને ઘરે દીકરો થાય, તે સત્સંગી થાય અને આપણને ઉતારો આપે. બધાએ આ વિચાર ઉપાડી લીધો અને સૌએ ભેગા મળી શુભ સંકલ્પ કર્યો. **ભાવાર્થ :-** શ્રીજીમહારાજની આજ્ઞા કોઈ મારે કે ગાળ દે તો સહન જ કરવું..... તે પ્રમાણે સંતોએ માર, ગાળો વગેરે સહન કર્યું સાથે સાથે મારનારનું પણ હિત થાય તેવો સંકલ્પ કરનાર મહારાજના સંતો તેથી જ બીજા સંતો કરતાં મૂઠી ઊંચેરા તરીકે સમાજમાં સ્થાન પામ્યા છે.

૨. **માન-અપમાનમાં એકતા (૪૮/૭૬-૭૮)** ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મનો અવતાર - આ વાતનો પ્રચાર સ્વામીની ઇચ્છાથી પ્રાગજી ભક્ત દ્વારા સત્સંગમાં - કેટલાકને ન રુચ્યું - સૌએ સ્વામીને ઠપકો દેવાનું નક્કી - સંવત્ ૧૯૨૨ની સાલમાં ચૈત્રી પૂનમે સ્વામી વરતાલમાં - સવારની સભામાં શુકમુનિના શિષ્ય હરિસ્વરૂપદાસજીની શિખવણીથી ગઢડાના કરુણાનંદ બ્રહ્મચારીએ સભામાં સ્વામી માટે અપમાનના શબ્દો - ગુણાતીતાનંદ સ્વામીને પ્રભુ થવું છે. - પૂજાય છે - કોઈ તેમને કેમ કંઈ કહેતું નથી ? - શુકમુનિએ સૂર પૂરાવ્યો કે મને કોઈએ શુકજી ન કહેવો અને ગુણાતીતાનંદ સ્વામીને અક્ષર ન કહેવા - સ્વામી સ્વસ્થ ચિત્તે સાંભળી રહ્યા - પછી ધીરગંભીર થઈ બોલ્યા - પ્રભુ તો એક શ્રીજીમહારાજ છે બીજાથી પ્રભુ થવાશે નહિ. આપણે તો સાધુ છીએ. પણ જેટલામાં રાજાનું રાજ્ય, તેટલામાં રાણીનું રાજ્ય હોય. જેવો રાજાનો હુકમ ચાલે તેવો રાણીનો હુકમ ચાલે. અને જેવો ભગવાનનો પ્રતાપ તેવો સાધુનો પ્રતાપ પણ કહેવાય. આ પ્રસંગ પછી સ્વામી આચાર્ય મહારાજ સાથે મંદિરમાં પધાર્યા - આચાર્ય મહારાજની આજ્ઞાથી માળીએ સ્વામીને ગુલાબનો હાર પહેરાવ્યો. સ્વામી સાધુની ધર્મશાળામાં જતાં હતાં ત્યાં સામે હરિસ્વરૂપદાસજી મળ્યા. પોતાની ડોકમાંનો હાર તેમને પહેરાવી બોલ્યા,

''હળદી જરદી નવ તજે, ખટરસ ન તજે આમ,
ગુણીજન ગુણકો નવ તજે, અવગુણ ન તજે ગુલામ.''

એમ કહી સ્વામી આગળ ચાલ્યા. ત્યાં અદ્‌ભુતાનંદ સ્વામી, શુકસ્વામી તથા પવિત્રાનંદ સ્વામીએ સ્વામીને પોતાના આસને બોલાવી પૂજા કરી, ધોતિયાં ઓઢાડ્યાં અને સાકરનો પડો મૂકીને કહ્યું, 'સ્વામી ! અમારું બોલ્યું માફ કરજો.' માન-અપમાનના આવા પ્રસંગોમાં પણ સ્વામીની આવી સ્થિરતા જોઈ સદ્‌ગુરુઓને પ્રતીતિ થઈ કે સ્વામી ગુણાતીત ખરા ! સૌને અંતરમાં પરિતાપ થયો. **ભાવાર્થ :-** સત્પુરુષ કાયમ માટે બીજાની ભૂલ માફ કરતાં હોય છે. તેઓ ફક્ત જમાનો ચોપડો જ રાખે છે. ઉધારનો ચોપડો રાખતાં જ નથી. માન-અપમાનમાં પણ સમતા રાખી સામેની વ્યક્તિની ખબર રાખતાં હોય છે.

૩. **સોરઠનો સત્સંગ (૪૪/૭૧-૭૨)** આચાર્ય મહારાજ સ્વામી સાથે સોરઠ દેશમાં ફરવા નીકળ્યા. ત્યારે રસ્તામાં આચાર્ય મહારાજના ગાડાનો બળદ લૂલો થયો. એટલે મહારાજના પાર્ષદોને સ્વામીએ બાજુના ગામમાં મોકલ્યા ને પોતાનું નામ દઈ બળદ માંગી લાવવા કહ્યું. પણ પાર્ષદોએ ગામમાં જઈ આચાર્ય મહારાજના નામે બળદ માંગ્યા. તેથી કોઈએ તેમની વાત ન સાંભળી. ત્યારે પાર્ષદોને સાંભરી આવ્યું અને સ્વામીનું નામ દીધું. એટલે એક પટેલ પોતાની સારામાં સારી બળદની જોડી લઈને દોડતા આવ્યા. સ્વામીને પગે લાગી બળદ કૃષ્ણાર્પણ કર્યા. સ્વામીએ ના પાડી, એટલે કહે તમારી ગાડીએ જોડાયેલ બળદ ઉપર અમારાથી ધૂંસરી ન મૂકાય. પટેલના ગયા પછી પાર્ષદોએ ગામમાં બનેલી વાત રઘુવીરજી મહારાજને કરી. એટલે રઘુવીરજી મહારાજે કહ્યું, ''જેને સત્સંગ નથી તે તમારું નામ સાંભળી આટલું અર્પણ કરે છે, તો સત્સંગી તમને શું ન અર્પણ કરે ?'' આ સાંભળી સ્વામી કહે, ''મહારાજ ! આ જૂનાગઢની ખેંગારવાવ સોરઠના સત્સંગીઓના માથા વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સૌને સમજાવ્યો છે.'' **ભાવાર્થ :** (૧) જે સત્પુરુષ છે તે જ સાચો સત્સંગ સમજાવી શકે છે. સત્પુરષ થકી જેને સત્સંગ થયો હોય તે પોતાનું સર્વસ્વ સમર્પણ કરી શકે છે. સત્પુરુષને અર્થે વપરાયેલી વસ્તુ પોતાનાને અર્થે વાપરતા નથી.

**નોંધ :- ઉપરનો પ્રસંગ તો મુખ્ય છે. તે હોવો જ જોઈએ, પણ કોઈ પરીક્ષાર્થીએ આ સાથે જલા ભક્તનો પ્રસંગ લખ્યો હોય તો પણ સાચું આપવું. "હેત હોય તો પણ વિશ્વાસ કેમ ન હોય ? સ્વામીનું વચન ન માને." તે પ્રસંગ.**

**પ્ર.૧૪ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

> ☞ **નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૨, ૩ (૨/૬) **૨.** ૧ (૧૮/૩૩) **૩.** ૨, ૪ (૨૫/૪૩) **૪.** ૩, ૪ (૯/૨૪)

❑ ❑ ❑